# ધાનેરા મધુસુદન માર્કેટમાં વાજતે ગાજતે શ્રીની સ્થાપના કરાઈ

## ધાનેરા શોપિંગ સેન્ટરો સહીત રહેણાંક સોસાયટીઓમાં પણ ગણપતિ દાદાની સ્થાપના કરાઈ

આજે લોકો ખુબજ ઉત્સાહ સાથે ગણપતિ ની સ્થાપના કરી ગણેશ મહોત્સવ ની ધામધૂમ થી ઉજવણી કરી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં વિવિધ જગ્યા ઉપર ગણપતિ ની સ્થાપના કરવામાં આવી હતી ધાનેરા મધુસુદન માર્કેટ ના વહેપારીઓ દ્વાર ગણપતિ દાદા ની વિશાલ મૂર્તિ લાવી વાજતે ગાજતે સ્થાપના કરી હતી.



ધાનેરા માં ગણપતિ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. શહેરની સોસાયટીઓમાં ગણપતિ સ્થાપન કરાય છે. ધાનેરા માં આજે તા. ૧૩ને ગુરૂવારે મહાઆરતી સાથે ગણેશ સ્થાપન કરી હતી અને તો બીજી તરફ ધાનેરા શહેર માં આવેલા તમામ શોપિંગ સેન્ટર સહીત વિવિધ સોસાયટીઓ માં ગણપતિ દાદા ની સ્થાપના કરવામાં આવી હતી ત્યારે મધુ સુદાન માર્કેટ ના વહેપારીઓએ પણ દર વર્ષ ની જેમાં આ વર્ષે પણ ગણપતિ મહોત્સવ ખુબજ ધામધૂમ થી ઉજવવાની તૈયારીઓ કરી હતી અને આજે ગણપતિ દાદાની મહાકાય મૂર્તિ ની સ્થાપના કરી દાદા ની પૂજા અર્ચના કરી હતી તો બીજી તરફ વેપારીઓ ધ્વરા જાણવામાં આવ્યું હતું કે અમેપન્ચ દિવસ સુધી ગણેશ મહોત્સવ ઊજવશું અને સોમવાર ના દિવસે ધાનેરા માં ભવ્ય શોભાયાત્રા નીકળી ગણપતિદાદાનું વિસર્જન કરશું અને વેપારીઓ ગણેશ મહોત્સવ જોડાવવા માટે ધાનેરા ધર્મપ્રેમી જનતા આહવાન પણ કર્યું હતું.

# ભિલોડામાં ગણેશ મહોત્સવના પ્રારંભે ઠેર-ઠેર ભવ્ય શોભાયાત્રા નીકળી

ભિલોડા. તા.૧૩

ભિલોડા તાલુકામાં ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે ગણેશજીની અવનવી મુર્તીઓનું વિધિવિધાન પુર્વક શ્રધ્ધાભેર સ્થાપન ઠેર-ઠેર ગણેશજીની અવનવી મુર્તીઓનું સ્થાપન વિધિવિધાન પુર્વક કરાયું હતું. ભાવિક ભક્તો ગણેશમય બની ગયા હતા.ગણેશ ચતુર્થીના પ્રથમ દિવસે જ



કરાયું હતું. ગણેશ મહોત્સવના પ્રારંભે ગણેશજીની ઠેર-ઠેર ભવ્ય શોભાયાત્રા બેન્ડ-વાજાની શુરાવલી વચ્ચે વાજતે ગાજતે નીકળી હતી. વિધ્નહર્તા,મંગલકર્તા ગણપતિ ગજાનંદ દેવની ભક્તિ આરાધનામાં લીન થવાનો તહેવાર એટલે જ ગણેશચર્તુર્થીના પાવન પર્વ નિમિત્તે ગણેશજીનું સ્થાપન કરી ભાવિક ભક્તોએ પુજા, અર્ચના, પ્રાર્થના, આરતી કરી પ્રસાદીરૂપે મોતીચુરના લાડવા અને ગણેશજીને પ્રિય એવા મોદકના લાડુનો ભોગ ધરાવી ભાવિક ભક્તો ગણપતી ગજાનંદના દર્શનાર્થે ભક્તો ઉમટી પડ્યા હતા. ગણેશજીના ભાવિક ભક્તોનો મોટો સમુદાય તહેવારની ઉજવણીમાં મશગુલ બની જતાં બજારોને પણ નવું જોમ મળ્યું છે.

ગણપતી મહોત્સવના પ્રારંભ સાથે અનેક વિસ્તારોમાં દુંદાળા દેવ ગણપતી ગજાનંદની વાજતે-ગાજતે ભવ્ય શોભાયાત્રાઓ નીકળતાં ગણેશ ભક્તોએ અબીલ-ગુલાલની છોળો ઉડાડી ગણેશ મહોત્સવનો ધમાકેદાર પ્રારંભ કરાવ્યો હતો. શોભાયાત્રા દરમ્યાન શ્રધ્ધાળુ ભક્તોએ ગણપતી બાપા મોરિયાના નાદથી વાતાવરણને ગુંજવી દીધું હતું. ગણેશ મંડળો ધ્વારા સમગ્ર મહોત્સવને આનંદ, ઉત્સાહ,ભક્તિ ભાવપુર્ણ વાતાવરણમાં ઉજવણી કરવા ભવ્ય આયોજનો કર્યા છે. ગણેશ સ્થાપન, પુજન અર્ચન, લોકડાયરા સહિત ભવ્ય આયોજનો આયોજકોએ કર્યા હોવાનું જાણવા મળ્યું છે. ભિલોડા, શામળાજી, સુનોખ, વાંકાનેર, ટાકાટુકા, ટોરડા, મુનાઈ, મઉં, રામનગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ગણેશ મહોત્સવનો મહિમા,પ્રભાવ દિન-પ્રતિ-દિન વધ્યો છે.

## કંપની સમાચાર

### આજે આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડનો એનસીડી ઈશ્યૂ રોજ ખુલશે

એનએચબીમાં રજિસ્ટર્ડ ડિપોઝિટ સ્વીકારતી હાઉસિંગ ફાઈનાન્સ કંપની તથા ભારતમાં ઈડબલ્યુએસ (આર્થિક રીતે નબળાં વર્ગ) અને એલઆઈજી (ઓછી આવક ધરાવતાં જૂથ) સેગમેન્ટ માટે વાજબી હાઉસિંગ ફાઈનાન્સ યોજનાઓ પર કેન્દ્રિત કામગીરી ધરાવતી આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (''કંપની'') ટિઅર ૨ થી ટિઅર ૪ શહેરો અને નગરોમાં ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ રૂ. ૧,૦૦૦ની ફેસ વેલ્યુનો સીક્યોર્ડ રીડીમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (''એનસીડી'') લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. જેની કુલ રકમ રૂ. ૫૦,૦૦૦ લાખ ('ડબેઝ ઈશ્યૂ સાઈઝ'') છે, જે રૂ. ૯૦,૦૦૦ લાખનું ઓવરસબસ્ક્રિપ્શન જાળવવાનો વિકલ્પ ધરાવે છે. આ રીતે એનસીડીની કુલ સાઈઝ રૂ. ૧,૪૦,૦૦૦ લાખ થઈ શકે છે. (''ટ્રેન્ચ ૧ ઈશ્યૂ લિમિટ'') (''ટ્રેન્ચ ૧ ઈશ્યૂ'') ઈશ્યૂ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ બંધ થશે, જેમાં કંપનીના બોર્ડના ડાયરેક્ટર (''બોર્ડ'') કે કાર્યકારી સમિતિનાં નિર્ણય મુજબ વહેલાસર બંધ કરવાનો કે લંબાવવાનો વિકલ્પ સામેલ છે.

કેર રેટિંગ્સ અને બ્રિકવર્ક રેટિંગ્સ ઈન્ડિયા દ્વારા રેટિંગ્સ) : સંભવિતા : સ્થિર આ ઈશ્યૂ હેઠળ ઈશ્યૂ થના પ્રસ્તાવિત એનસીડીને રૂ. ૩,૦૦,૦૦૦ લાખની રકમ માટે કેર રેટિંગ્સ લિમિટેડ (''કેર'') દ્વારા CARE AA+ (SO) (કેર ડબલ એ પ્લસ સ્ટકચર્ડ ઓબ્લિગેશન તરીકે ઉચ્ચારણ): સંભવિતતાઃસ્થિર) અને બ્રિકવર્ક રેટિંગ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ રેટિંગ (''બ્રિકવર્ક) દ્વારા 'BWR AA+ (SO) (બીડબલ્યુઆર ડબલ એ પ્લસ (સ્ટ્રકચર્ડ ઓબ્લિગેશન), સંભવિતતાઃસ્થિર) આપવામાં આવ્યું છે. કેર દ્વારા રેટિંગ CARE AA+ (SO) સંભવિતતાઃ સ્થિર અને બ્રિકવર્ક દ્વારા BWR AA+(SO) સંભવિતતાઃસ્થર રેટિંગ સૂચવે છે.

રેટિંગ્સ - CARE AA+ (SO) (ઉચ્ચારણ કેર ડબલ એ પ્લસ સ્કકચર્ડ ઓબ્લિગેશન): સંભવિતતાઃસ્થિર અને BWR AA+ (SO) (ઉચ્ચારણ બીડબલ્યુર ડબલ એ પ્લસ (સ્ટરક્ચર્ડ ઓબ્લિગેશન), સંભવિતતા-સ્થિર બ્રિકવર્ક રેટિંગ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (''બ્રિકવર્ક) દ્વારા. ૩ થી ૧૦ વર્ષનાં તમામ વિકલ્પોમાં લઘુતમ અરજીની સાઈઝ સંયુક્તપણએ રૂ. ૧૦,૦૦૦ વહેલાં એ પહેલાંના ધોરણે ફાળવણી

### ઈર્કોન ઈન્ટરનેશનલ લિમિટેડ : આઈપીઓ ૧૭મીએ ખુલશે અને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ બંધ થશે

ઈર્કોન ઈન્ટરનેશનલ લિમિટેડ (''કંપની'') ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ ઈક્વિટી શેરદીઠ કિંમત (શેર પ્રીમિયમ સહિત) પર રોકડનાં બદલામાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'')નો આઈપીઓ (''ઓફર'') પ્રસ્તુત કરશે, જેમાં ભારત સરકારનાં રેલવે મંત્રાલય મારફતે કાર્યરત પ્રમોટર ભારતનાં રાષ્ટ્રપતી (''વિક્રેતા શેરધારક'') દ્વારા ૯,૯૦૫,૧૫૭ ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર સામેલ છે.

આ ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ (રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ)નાં સબસ્ક્રિપ્શન માટે ૫૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનું રિઝર્વેશન (''એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન'') સામેલ છે. કર્મચારીઓના રિઝર્વેશન સિવાયની ઓફરનો હિસ્સો નેટ ઓફર કે ચોખ્ખી ઓફર તરીકે ઓળખવામાં આવે છે. કંપનીની પોસ્ટ ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીમાં ઓફર અને નેટ ઓફરનો હિસ્સો અનુક્રમે ૧૦.૫૩ ટકા અને ૧૦.૦૦ ટકા રહેશે. બિડ/ઓફર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ બંધ થશે.

રિટેલ ઈન્ડિવિડ્યુઅલ બિડર્સને ઓફર પ્રાઈસ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૦નું ડિસ્કાઉન્ટ (''રિટેલ ડિસ્કાઉન્ટ'') ઓફર થશે અને એમ્પોલોયી રિઝર્વેશન પોર્શનમાં ઓફર પ્રાઈસ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૦નું ડિસ્કાઉન્ટ (''એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ'') ઓફર થશે.

# તરણેતરના મેળામાં માનવ મહેરામણ ઉમટ્યો

અમદાવાદ, તા. ૧૩

સુરેન્દ્રનગર જિલ્લામાં થાનગઢ ગામની પાસે સ્થિત તરણેતર ગામમાં પાંચાલની લોક સંસ્કૃતિને ઉજાગર કરવા સાથે સંબંધિત તરણેતર લોક મેળાની શરૂઆત થયા બાદ મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. ત્રિનેશ્વર મહાદેવના સાનિધ્યમાં વિશ્વપ્રસિદ્ધ તરણેતર મેળાની બુધવારના દિવસે શરૂઆત થયા બાદથી મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. જુદી જુદી સ્પર્ધાનું આયોજન પણ અહીં કરવામાં આવ્યું છે. આ ઉપરાંત લોક સંસ્કૃતિના દર્શન થઈ રહ્યા છે. મેળાના પ્રારંભમાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ગણપતભાઈ વસાવા પણ પહોંચ્યા હતા. ગુજરાતના વિકાસને ઉજાગર કરતી પ્રદર્શની પણ રજૂ કરવામાં આવી હતી. આ વખતે તરણેતર લોક મેળામાં અનેક વિશેષતાઓ રાખવામાં આવી છે જેમાં ગ્રામિણ ઓલિમ્પિકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જુદા જુદા પ્રકારના આકર્ષક કલાકારો તમામનું ધ્યાન ખેંચી રહ્યા છે. લોકસંસ્કૃતિના દર્શન આમા થઈ રહ્યા છે. ગ્રામિણ ઓલિમ્પિકમાં આ વખતે ૧૦૦ મીટર, ૧૫૦૦મી, ૮૦૦ મીટર દોડનું આયોજન પણ પ્રથમ દિવસે થયું હતું જેમાં રોકડ ઈનામ પણ આપવામાં આવ્યા હતા. ચાર દિવસ સુધી ચાલનાર મેળામાં હજારોની સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. આજે કલાકારોએ પોતાની કળાને રજૂ કરીને તમામનું ધ્યાન ખેંચ્યું હતું. જુદા જુદા પ્રકારના રાસ-ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. બાળકો અને મોટી વયના લોકોએ ગગનચુંબી જુલાઓની મઝા માણી હતી. આ આકર્ષણ ચાર દિવસ સુધી જોવા મળશે. આ વખતે સ્વચ્છતા ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. આના ભાગરુપે પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ તરફથી જારી કરવામાં આવેલા આદેશમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, ૧૫મી સપ્ટેમ્બર સુધી મેળામાં પ્લાસ્ટિકના વેચાણને મંજુરી આપવામાં આવશે નહીં. પાણીના પાઉચ અને પ્લાસ્ટિકમાં ભરીને કોઈપણ પ્રકારની વસ્તુને વેચી શકાશે નહીં. આ જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદથી ઉલ્લંઘન કરનારની સામે કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. મેળાના પ્રારંભમાં ત્રિનેશ્વર મહાદેવમાં ખાસ પૂજનની વિધિ કરવામાં આવી હતી. ગુજરાતના વિકાસને રજૂ કરે તેવી પ્રદર્શની પણ ધ્યાન ખેંચે છે. મુખ્ય આકર્ષણ લોકસંસ્કૃતિના કલાકારો જ જગાવી રહ્યા છે.

# પાલનપુરમાં પોલીસની દબંગાઈ, તબીબ પર પોલીસની ડંડાવાળી કરતા રોષ

## મહિલાની કારની હવા કાઢતા તબીબ કહેવા જતાં લોકઅપમાં પૂર્યા હોવાની રાવ

પાલનપુરમાં ટ્રાફિક નિયમનના નામે પોલીસ દબંગાઈ પર ઉતરી આવી હોવાની રાવ ઉઠી છે. જેનો કડવો અનુભવ એક તબીબને થયો હતો. ટ્રાફિક નિયમન કરવા નીકળેલી પૂર્વ પોલીસ મથકની ટીમે સીમલાગેટ અંબાજી મંદિર પાસે એક મહિલાની કારના ટાયરમાંથી હવા કાઢી હતી.આ બાબતે એક તબીબ કહેવા જતા પોલીસે જાહેરમાં તબીબને ડંડા મારી પોલીસ મથકે લઈ જઈ લોકઅપમાં પુરી દીધા હોવાની રાવ ઉઠી છે. જેના પગલે પોલીસ સ્ટેશનમાં લોકોનું ટોળું એકત્ર થઈ જતા ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

પાલનપુરમાં છેલ્લા ૧૫ દિવસથી પોલીસ દ્વારા અમદાવાદ પોલીસ ની કાર્યવાહીની જેમ સાંજે ટ્રાફિક નિયમન કરવામાં આવી રહ્યું છે. જોકે, પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમ વિરુદ્ધ પાર્ક કરાયેલા વાહનો ટોઈંગ કરવાને બદલે તેના ટાયરમાંથી હવા કાઢવામાં આવી રહી છે. આ કાર્યવાહી સામે લોકોમાં આક્રોશ ફેલાયો છે. ત્યારે બુધવારે સાંજે ટ્રાફિક નિયમન કરવા નીકળેલી પૂર્વ પોલીસ મથકની ટીમે સીમલાગેટ અંબાજી મંદિર પાસે એક મહિલાની કારના ટાયરમાંથી હવા કાઢી હતી.તેમજ વાલ્વ પણ ફેકી દીધો હતો.આ બાબતે એક તબીબ કહેવા જતા પોલીસે જાહેરમાં તબીબને ડંડા મારી પોલીસ મથકે લઈ જઈ લોકઅપમાં પુરી દીધા હતા. જેના પગલે પોલીસ સ્ટેશનમાં લોકોનું ટોળું એકત્ર થઈ જતા ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

# પ્રાંતિજના ધડકણમાં ભર બપોરે તસ્કરો ત્રાટક્યા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ધડકણ ગામે આવેલ નવી ધડકણ ખાતે બપોરના સમયે અજાણ્યા તસ્કરોદ્વારા મકાન મા પ્રવેશ ના વરઘોડા માં ગયાં ને અજાણ્યા તસ્કરો મકાન માં પ્રવેશ કરી મકાનમાં આવેલ છેલ્લાંરૂમમાં રહેલ ત્રિજોરીમા મુકેલ રોકડ રકમ ૧,૬૦,૦૦૦ તથા



કરી અંદાજે પાંચ લાખની ચોરી રફુચક્કર થતાં મકાન માલિક દ્વારા પોલીસ ને જાણ કરતા પ્રાંતિજ પોલીસ ધટના સ્થળે આવી તપાસ હાથધરી.

નવા ધડકણ ખાતે રહેતાં નવીનભાઈ સોમાભાઈ પટેલ તથા પરિવાર ના સભ્યો ગામમાં ગણપતિ પંદર તોલા સોનાના દાગીના સહિત અંદાજે પાંચ લાખ રૂપિયા ની ચોરી કરી તસ્કરો પ્રલાય થતાં મકાન માલિક ધરે આવતાં મકાન માલિક ને ખબર પડતાં મકાન માલિક દ્વારા પ્રાંતિજ પોલિસ ને જાણ કરતાં પ્રાંતિજ પોલીસ ધટના સ્થળે દોડી આવી હતી.

# વણકર સમાજનો જીવનસાથી પસંદગી મેળો નવેમ્બરમાં યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત વણકર સેવા સમાજ-અમદાવાદ દ્વારા આગામી નવેમ્બર ૨૦૧૮માં આયોજીત ૨૨મા જીવનસાથી પસંદગી સંમેલનમાં ભાગ લેવા ઈચ્છતા વણકર સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ તથા તેમના વાલીઓએ ફોર્મ તથા માહિતી તા. ૨૦-૧૦-૨૦૧૮ સુધીમાં ભરીને કાન્તાબેન ડોડીયા-૪૪૭ ગાયત્રી સોસાયટી, સે-૨૭, ડી.એમ. પરમાર પ્લોટ નં. ૫૪૦/૨, સે-૭-બી, ચંપાબેન વાઘેલા પ્લોટ નં. ૭૯૫/૧, સે-૨-સી અને દક્ષાબેન પરમાર ૧૨૭૭, શિવમ સોસાયટી, સે-૨૭ને પહોંચાડવા જણાવાયું છે.

# પાલનપુરમાં ટ્રકચાલકને લૂંટી લેનાર છ શખ્સો સામે ફરિયાદ

પાલનપુર આબુ હાઈવે પર આવેલી હોટલ પાસે ડીસાના છ શખ્સોએ એક ટ્રક ઉભી રખાવી તેના ચાલક પાસેથી રૂપિયા દસ હજાર લૂંટી લીધા હતા. તેમજ મોબાઈલ તોડી નૂકશાન પહોચાડતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

કાંકરેજ તાલુકાના રાજપુર ગામના બાલાજી થાનાજી ઝાલા રવિવારે પોતાની ટ્રક નં. જીજે. ૮. યુ. ૩૪૭૫ લઈને પાલનપુર-આબુ હાઈવે ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક હોટલ પાસે બાઈક ઉપર આવેલા ડીસાના વિક્રમજી કપુરજી ઠાકોર, સંજયભાઈ રણછોડભાઈ પુરોહિત તેમજ અન્ય ચાર શખ્સોએ ટ્રક ઉભી રખાવી હતી. અને પોતાનો ઈરાદો પાર પાડવા માટે બાલાજી સાથે ઝપાઝપી કરી તેમના ખિસ્સામાંથી રૂપિયા ૧૦,૦૦૦ કાઢી લીધા હતા. તેમજ મોબાઈલ ફેંકી દીધો હતો. આ ઉપરાંત ટ્રકના ટાયરમાંથી હવા કાઢી વાલસીટ કાઢી નાંખી હતી. આ અંગે બાલાજીએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ ખાતે વાજતે ગાજતે ઠેરઠેર ગણપતિ દાદાનું સ્થાપન

સાબરકાંઠા જિલ્લા સહિત જિલ્લાઓમાં ગણેશ મહોત્સવની દર વર્ષની જેમ ગણેશ મહોત્સવની યુવક મંડળો દ્વારા સાર્વજનિક સ્થાપના કરવામાં આવી છે.

પ્રાંતિજ ખાતે પણ દર વર્ષની



ઉમંગભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ ઠેરઠેર ગણપતિબાપ્પા મોરિયાના જયઘોષ સાથે ઘરે-ઘરે તથા વિવિધ જેમ ગણપતિદાદાની મૂતિઓને તેમના પંડાવ સુધી લાવવા માટે વિવિધ યુવક મંડળો દ્વારા ઢોલ નગારા ડીઝેના તાલ સાથે લઈ જવામાં આવી હતી. જેમાં લાલ દરવાજા, રેલ્વેસ્ટેશન, પંડયાપોળ, ગુજ્જરની પોળ તથા આંટીયાવાસ ખાતે સ્થાપના કરવામાં આવી છે. ત્યારે લાલ બાદશાહ તરીકે ઓળખાતાં ગણપતિ બાપ્પાની મૂર્તિનો પણ વરઘોડો આંટીયાવાસ યુવક મંડળ દ્વારા ગામમાં ફેરવી દરવર્ષની જેમ વાજતે ગાજતે ડીઝેના સંગ સાથે પંડાવ સુધી લઈ જવામાં આવ્યો હતો અને દસ દિવસ માટે સ્થાપના કરવામાં આવી છે. જેમાં ગણેશ ભકતો સહિત ધર્મ પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ જગ્યાઓ ઉપર દરવર્ષની જેમ ભગવાન ગણેશની મૂર્તિઓનું યુવક મંડળો દ્વારા સ્થાપના કરવામાં આવી છે.



## ધનસુરામાં ગણેશચતુર્થીની ધામધૂમપૂર્વક ઉજવણી

ધનસુરામાં અલગ અલગ જગ્યાએ ભગવાન ગણેશની મૂર્તિની સ્થાપના કરાઈ હતી. ભક્તોએ ડીજેના તાલ સાથે શોભાયાત્રા કાઢી ભગવાનની સ્થાપના કરી હતી. ધનસુરા ચાર રસ્તા ગણેશયુવક મંડળ દ્વારા ભગવાન ગણેશની સ્થાપના કરવામાં આવી હતી.

# સાબરકાંઠા જિલ્લા સહકારી બેંકના હોદ્દેદારોનું ભિલોડામાં સન્માન કરાયું

ભિલોડા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર



સમિતી, માર્કેટયાર્ડમાં ભિલોડા તાલુકાની વિવિધ સહકારી સંસ્થાઓ દ્વારા ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલ, વા. ચેરમેન રાજેન્દ્રસિંહ નહારસિંહ ભાટી (ટોરડા, તા. ભિલોડા) અને સહકારી સંસ્થાઓના રાજકીય આગેવાનોનો સન્માન સમારોહ દબદબાભેર યોજાયો હતો.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સાંસદ દિપસિંહ રાઠોડ, અરવલ્લી જિલ્લા ભાજપ પ્રભારી મંત્રી રમણભાઈ પાટકર, પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા, વા. ચેરમેન જવાહરભાઈ શાહ, સાબરડેરીના પૂર્વ ડીરેકટર જેસીંગભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, ગજાનંદભાઈ પ્રજાપતી, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, ગુણવંતભાઈ ત્રિવેદી, કાંતીલાલ પટેલ, ભિલોડા તાલુકાની દૂધ મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, સહકારી આગેવાનો, ચેરમેનો, સેક્રેટરીઓ, સભાસદો, ખેડૂતો, પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

## ગરમાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અરુણ જેટલી અને માલ્યા વાતચીત કરી રહ્યા હતા. પુણિયાએ એવો દાવો પણ કર્યો હતો કે, પાંચથી સાત મિનિટ સુધી વાતચીત ચાલી હતી. કોંગ્રેસ નેતા તરફથી એમ પણ કહેવામાં આવ્યું હતું કે, માલ્યા એ સત્રમાં પ્રથમ વખત એજ દિવસે જેટલીને મળવા પહોંચ્યા હતા. જેટલી સાથે સલાહ લઈને માલ્યા ફરાર થયા હોવાનો દાવો પુણિયાએ કર્યો હતો. રાહુલ ગાંધીએ પ્રશ્ન કરતા કહ્યું છે કે, નાણામંત્રી અપરાધી સાથે વાત કરે છે પરંતુ સીબીઆઈ, ઈડી અને પોલીસને વાત કરી ન હતી.

## જવાબ આપે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પુણિયાએ ગઈકાલે જ કહ્યું હતું કે, તેઓએ જેટલી અને માલ્યાને સંસદના સેન્ટ્રલ હોલમાં ચર્ચા કરતા જોયા હતા. સેન્ટ્રલ હોલમાં આ બંને ચર્ચા કરી રહ્યા હતા. એ દિવસના સીસીટીવી ફુટેજથી આ બાબતની ખાતરી પણ કરી શકાય છે. પુણિયાએ દાવો કર્યો હતો કે, પહેલી માર્ચ ૨૦૧૬ના દિવસે જ્યારે તેઓ સંસદમાં સેન્ટ્રલ હોલમાં હતા ત્યારે જેટલી અને માલ્યા વાત કરી રહ્યા હતા. ત્રીજી માર્ચના દિવસે તેઓએ સાંભળ્યું હતું કે, માલ્યા બીજી માર્ચના દિવસે દેશમાંથી ફરાર થઈ ગયા છે. એજ વખતે તેઓએ કોઈ વાતચીત આ સંદર્ભમાં કરી હશે. ભાજપના પ્રવક્તાએ કહ્યું હતું કે, કોંગ્રેસની અગાઉની સરકાર અને ગાંધી પરિવારના વિજય માલ્યા અને કિંગફિશર સાથે ખુબ નજીકના સંબંધ હતા. માલ્યા પ્રત્યે ગાંધી પરિવારની નરમી તમામ લોકો જાણે છે. પાત્રાએ કહ્યું હતું કે, કોલકાતાના આવકવેરા વિભાગે માહિતી મેળવી હતી કે, ડોટેક્સ કંપની પાસેથી રાહુલ ગાંધીએ એક કરોડની લોન લીધી હતી. ડોટેક્સ કંપનીના પ્રમોટર ઉદયશંકર મહાવરે પુછપરછમાં કબૂલાત કરી હતી કે, તેની ૨૦૦થી વધારે સેલ કંપનીઓ છે. ૧૯૪ના નંબર પર ડોટેક્સ કંપનીનું નામ છે. સંબિત પાત્રાએ કહ્યું હતું કે, નોટબંધીના ગાળા દરમિયાન રાહુલ ગાંધી બિનજરૂરી હોબાળો મચાવી રહ્યા હતા. કારણ કે, હવાલા મારફતે કાળા નાણા સફેદ કરવામાં આવી રહ્યા હતા. રાહુલ ગાંધી હવાલા મારફતે કેટલા પૈસા સફેદ કર્યા છે. ગાંધી પરિવારના કેટલા પૈસા આવી કંપનીમાં લાગેલા છે.

## સ્વામીના પ્રહારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યું હતું. આનાથી માલ્યાને ૫૪ જેટલી ચકાસણી કરવામાં આવેલી ચીજવસ્તુઓની સાથે દેશની બહાર જવામાં સરળતા મળી હતી. બુધવારના દિવસે માલ્યાએ નિવેદન જારી કરીને ભારતીય રાજનીતિમાં ખળભળાટ મચાવી દીધો હતો. માલ્યાએ દાવો કર્યો હતો કે, ભારત છોડતા પહેલા નાણામંત્રીને મળીને ગયા હતા. તેઓ સેટલમેન્ટને લઈને નાણામંત્રીને મળ્યા હતા. માલ્યાના નિવેદન બાદ જેટલીએ બ્લોગ લખીને કહ્યું હતું કે, વિજય માલ્યાએ કહ્યું હતું કે, તેઓ ભારત છોડતા પહેલા સેટલમેન્ટ ઓફરને લઈને તેમને મળવા માટે પહોંચ્યા હતા. તથ્યાત્મકરીતે આ બાબત સંપૂર્ણપણે ખોટી છે. ૨૦૧૪થી લઈને હજુ સુધી માલ્યા સાથે કોઈપણ વાતચીત કરવામાં આવી નથી. કોઈ એપોઈન્ટમેન્ટ પણ માલ્યાને આપવામાં આવી નથી. થોડાક સમય બાદ જ વિજય માલ્યાએ ખુલાસો કરતા કહ્યું હતું કે, તેઓ જેટલીને મળ્યા હતા અને કહ્યું હતું કે, તેઓ લંડન જઈ રહ્યા છે. તેમની સાથે કોઈ અનૌપચારિક વાતચીત થઈ ન હતી. ત્યારબાદ સંસદમાં કેટલાક સાથીઓ સાથે પણ વાતચીત કરી હતી અને બાકી નાણાંની ચુકવણીના સંદર્ભમાં પણ વાત કરી હતી.

## સબકી યોજના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ વિકાસ માટે જે વિકાસ પ્લાન તૈયાર કરવામાં આવનાર છે તેમાં લોકોની સક્રિય ભાગીદારી થાય તે માટે ખાસ તાલિમો પણ આજથી અધિકારીઓની શરૂ થઈ રહી છે આ પછી જિલ્લાકક્ષાએથી ગ્રામીણ વિસ્તારોના ટીએસઈ, ડીએસઈ, વીસીઈને આપવામાં આવશે અને આ કામગીરી આ માસના અંત સુધીમાં સંપન્ન કરી દેવામાં આવશે.

રાજ્ય સરકારના અત્યંત વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યુ છે કે સ્ટેટ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટને આ અંગે વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે 'સબકી યોજના સબકા વિકાસ'ની વાત લઈ સરકાર ગ્રામીણ અર્થતંત્રને એક નવી દિશા આપવા માગે છે અને આ અંગેનો આખો રોડમેપ હાલ તૈયાર કરવાની કામગીરી પણ તેના આખરી તબક્કામાં છે. જે આગામી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં રજુ કરવામાં આવશે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા રાજ્યમાં એક સાથે ગ્રામસભાઓનું આયોજન થાય તેમજ 'આદર્શ ગ્રામ' યોજનાને વધુ અસરકારક બનાવવા પર પણ વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર પણ ૨૦૧૯-૨૦ના બજેટમાં ગ્રામીણ વિસ્તારો માટે નવી વિશેષ જોગવાઈઓ કરશે.

બીજી તરફ રૂર્બન પ્રોજેકટના અમલીકરણને વધુ ગતિશીલ બનાવવાની દિશામાં પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત 'સમર્થ ગ્રામ સમર્થ ગુજરાત' યોજના પણ લગભગ તૈયાર કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## સેવા અભિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સભાનું આયોજન કરવામાં આવે તેવી પણ રાજ્ય સરકારે સૂચનાઓ જારી કરી છે.

આમ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા સંયુક્ત રીતે ૧૫ સપ્ટે. થી ૨ ઓક્ટો. દરમ્યાન સ્વચ્છતા હી સેવા અભિયાન ચલાવવા માટે તાકીદ કરવામાં આવી છે. આ માટે ખાસ વી.સી. પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી અને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યુ હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે.